અપીલ અરજી નં.૨૩૯ તા .૨૯–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી વી.ડી.રાણા
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી વી.ડી.રાણાની તા.૨૬–૭–૧૧ની અરજીથી સર્વે નં. ૪૮૫ પૈકી પ્લોટ નં. ૪૯–અ તથા ૪૯–બ, બહુચરનગર કો.ઓ.સો.લી, વેડરોડ, હરીઓમ ડાઈંગ સામેના રોડની,કતારગામ સુરત અંગે મુદ્દા નં.(૧)સને ૨૦૧૦–૧૧સુધીમાં આપણે ત્યાં ગ્રાઉન્ડ તથા ૧થી ૪ માળ આર.સી.સી. બાંધકામનો પ્લાન કોના નામે મુકાયો ? કોના નામે બાંધકામ રજાચિઠ્ઠી આપવામાં આવી ? કયા ખાતાના સાહેબે આપી તે તમામની માહિતી મુદ્દા નં.(૨) સને ૨૦૦૩થી ૨૦૧૧ સુધી Poss કોનું નામ બોલે છે ? બાંધકામમાં મકાન બેઠું છે કે જમીન ? કેટલા ગાળા બાંધેલા છે આર.સી.સી.ના તથા તેના તમામ વેરાબીલો મેળવવા બાબત વિ.મુદ્દા નં. (૧) થી (૧૧) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૨૯–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૩૯/૨૦૧૧–૧૨

શ્રી વી.ડી.રાણાની તા.૨૬–૭–૧૧ની અરજીથી સર્વે નં. ૪૮૫ પૈકી પ્લોટ નં. ૪૯–અ તથા ૪૯–બ, બહુચરનગર કો.ઓ.સો.લી,વેડરોડ,હરીઓમ ડાઈંગ સામેના રોડની,કતારગામ સુરત અંગે મુદ્દા નં.(૧) સને ૨૦૧૦ –૧૧સુધીમાં આપણે ત્યાં ગ્રાઉન્ડ તથા ૧થી ૪ માળ આર.સી.સી. બાંધકામનો પ્લાન કોના નામે મુકાયો ? કોના નામે બાંધકામ રજાચિઠ્ઠી આપવામાં આવી ? કયા ખાતાના સાહેબે આપી તે તમામની માહિતી મુદ્દા નં.(૨) સને ૨૦૦૩થી ૨૦૧૧ સુધી Poss કોનું નામ બોલે છે ? બાંધકામમાં મકાન બેઠું છે કે જમીન ? કેટલા ગાળા બાંધેલા છે આર.સી.સી.ના તથા તેના તમામ વેરાબીલો મેળવવા બાબત વિ.મુદ્દા નં. (૧) થી (૧૧) ની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(કતારગામઝોન)ના પત્ર નં. એન.ઝેડ/આઉટ/૩૪૪૩ તા. ૨૪–૮–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૨૯– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા **સાથે નામ ચઢાવવાની જોગવાઈ,પુરાવાની વિગતો આધાર સહ રજુ કરવા તથા તકરાર નિવારણની રજુઆત મુદ્દા નં.૧૧ અંગે કાર્યવાહીનો તબકકો જણાવવા તથા મુદ્દા નં.૧માં જોગવાઈ સહ જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૭૪૧ તા.૩–૯–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી દફતરી વિગતે માહિતી દસ્તાવેજ સહ પુરી પાડેલ જણાય છે છતાં નારાજગીના મુદ્દા સહ આધાર સહ સ્પષ્ટતા કરવા તથા તકરાર નિવારણ માટે અલાયદી રજુઆત સક્ષમ સત્તાને કરવી રહે તે પણ જણાવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી નોર્થઝોન/આ.નં.૩૯૮૮ તા.૧૫–૯–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, માહિતી અંગે રૂા.૨૨૫/– ભરપાઈ કર્યા અંગેની રસીદની નકલ, નોંધ વિભાગ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.નોર્થઝોન/આ.નં.૩૪૪૩ તા ૨૪–૮–૧૧ ના પત્રની નકલ, તા.૨૬–૭–૧૧ ની અરજી બાબતે સ્પષ્ટતા પત્રક રજૂ કર્યા અંગેના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૨૬–૭–૧૧ ની અરજીથી સર્વે નં. ૪૮૫ પૈકી પ્લોટ નં. ૪૯–અ તથા ૪૯–બ, બહુચરનગર કો.ઓ.સો.લી,વેડરોડ,હરીઓમ ડાઈંગ સામેના રોડની,કતારગામ સુરત પ્લાન બાંધકામ તથા આકારણી લગતી મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી કતારગામઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.એન.ઝેડ/આ.નં.૩૪૪૩ તા.૨૪–૮–૧૧ થી અરજદારને મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવામાં આવેલ છે. જે અંગે અરજદારે નિર્દિષ્ટ સમયમાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ તા.૨૯–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારના અરજીના મુદ્દા નં.(૧) સને ૨૦૧૦–૧૧સુધીમાં આપણે ત્યાં ગ્રાઉન્ડ તથા ૧થી ૪ માળ આર.સી.સી. બાંધકામનો પ્લાન કોના નામે મુકાયો ? કોના નામે બાંધકામ રજાચિઠ્ઠી આપવામાં આવી ? કયા ખાતાના સાહેબે આપી તે તમામની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સર્વે નં.૪૮૫ બહુચરનગર સોસા. પ્લોટ નં.૪૯/અ + ૪૯/બ ના બાંધકામનો પ્લાન ઈશ્વરભાઈ ગોવાભાઈ દેસાઈના નામે મુકવામાં આવેલ. તેની રજાચિઠ્ઠી ઈશ્વરભાઈ ગોવનભાઈ દેસાઈને શહેર વિકાસ ખાતા ધ્વારા આપવામાં આવેલ. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલના મુદ્દા નં.૫ માં પ્રશ્ન નં.૧ અંગે આકારણી દફતરે ૪૦/અ માં પીઠીયા છગનભાઈ આહીર અને ૪૯/બ માં ભારતીબેન ઉત્તમરામના નામ ચાલે છે તો ઈશ્વરભાઈ ગોવનભાઈ દેસાઈના નામના પ્લાન રજાચિઠ્ઠી બાંધકામની પરવાનગી કયા આધારે આપવામાં આવી તેવી રજૂઆત કરેલ છે. જે મુળ અરજીથી અપીલ તબકકે અલાયદો પૂરક પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.(૨) સને ૨૦૦૩ થી ૨૦૧૧ સુધી Poss કોનું નામ બોલે છે ?

બાંધકામમાં મકાન બેઠું છે કે જમીન ? કેટલા ગાળા બાંધેલા છે આર.સી.સી.ના તથા તેના તમામ વેરાબીલો મેળવવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ૨૦૦૩ થી ૨૦૧૧ સુધી કબ્જેદારમાં કોનું નામ ચાલે છે તે બાબતે ૨૦૦૦–૦૧ ની કટબુકની નકલ નંગ–૪ તેમજ ૨૦૦૪ થી ૨૦૧૧ દરમ્યાન એસેસમેન્ટ રજીસ્ટરની નકલ નંગ–૧૫ મળી કુલ ૧૯ નકલ દીઠ રૂા.૨/– લેખે રૂા.૩૮/– જમા કરાવ્યેથી મળી શકશે. ૨૦૦૩ થી ૨૦૧૧ ના વેરાબીલો બાબતે પાર્ટી સ્ટેટસની નકલ મેળવવા નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ –૪૦ નકલના રૂા.૮૦/– જમા કરાવ્યેથી મળી શકશે. પ્લાન મંજુરી પૂર્વે સદર પ્લોટ નંબરવાળી જમીન ખુલ્લી હતી. પ્લોટ નં.૪૯/અ + ૪૯/બ એમ ૨(બે) ગાળા બાંધેલ છે પ્લાન અને રજાચિઠ્ઠીની નકલ મેળવવા રૂા.૨૯/– દસ્તાવેજી ફી જમા કરાવ્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) સને ૧૯૯૯–૨૦૦૦ માં આપણે ત્યાં ઉત્તમરામ દલપતરામ જરીવાલના નામો દાખલ થયા તેમાં તેમને નવું નામ દાખલ કરવા મુકેલ તમામ પુરાવાઓ સાથેની તુમાર ગુમ થઈ ત્યાર બાદ તા.૬–૯–૦૮ ઉત્તમરામના નિવેદન સાથે મુકેલ તમામ પુરાવાની નવા તુમાર બન્યા તે તમામની સંપૂર્ણ સ્પષ્ટ પુરાવાઓ સાથેની માહિતી સહી સિકકાવાળી નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉત્તમરામ દલપતરામના તા.૬–૯–૦૮ ના નિવેદન રજૂ કરેલ નકલ મેળવવા નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ ૨૩ પાના રૂા.૪૬/– જમા કરાવ્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં. (૪) સને ૧૯૮૮ થી ૨૦૦૩ સુધીનો વેરો ઉત્તમરામે સર્વે નં.૪૮૫ પ્લોટ નં.૪૯ અ નો ભર્યો ત્યાર બાદ તમામ વેરા સને ૨૦૦૪ થી સને ૨૦૧૧ સુધીનો કોણે ભર્યો? તે તમામના વેરા ભર્યાની રસીદોના સહી સિકકાવાળી નકલ ત્યાર બાદ સને ૨૦૦૫ માં નવું નામ પીઠીયાભાઈ છનાભાઈ આહીર ચઢયું તેમાં તેમણે રૂા.૨૫/– ફોર્મ નામ ચઢાવવા ભર્યુ તેમણે સાથે નામ ચઢાવવા કયા કયા પુરાવા સામેલ કરેલ તે તમામની સહી સિકકાવાળી નકલો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વેરા કોણે ભર્યા તે અંગેના રેકર્ડ રાખવામાં આવતા ન હોય માહિતી મળી શકે તેમ નથી. સને ૨૦૦૫ માં પીઠીયાભાઈ છનાભાઈનું નામ ચઢયું તે અંગે રજૂ કરેલ પુરાવાની નકલ મેળવવા નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ –૦૭ પાનાના રૂા.૧૪/– જમા કરાવ્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે અપીલના મુદ્દા નં.૧ માં પ્રશ્ન નં.૪ બાબતે હસ્તક નામ લખવામાં આવતા હોવાથી રેકર્ડ રાખવામાં ન આવતો હોવાની વાત ખોટી છે તેવી રજૂઆત કરેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ જો આવી કોઈ પ્રણાલિકા કે નિયમ નોંધ કરવા અંગેની હોય તો લાગત ટેનામેન્ટના નાણા ભરેલ સ્ક્રોલના રેકર્ડનું ઈન્સ્પેકશન આપવાનું રહે અન્યથા તેવા રેકર્ડની નોંધ કે નાશના નિકાલ અંગે રેકર્ડ આધારીત માહિતી પૂરી પાડવાની રહે. તેમજ અપીલના મુદ્દા નં.૨ માં પ્રશ્ન નં.૪ અંગે ફકત બે પુરાવાના આધારે નામ ચઢયુ બીજા કેમ પુરાવા મુકેલ નથી. તેવા પ્રશ્ન બાબતે નામ ચઢાવવા અંગે જે દફતરી ઉપલબ્ધ માહિતી હોય તે માહિતી પૂરી પાડવાની રહે છે. જે અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તે અંગે અન્ય પ્રશ્ન બીજા પુરાવા કેમ મુકેલ નથી તે મુળ અરજીથી અલાયદો તકરારને લગતો પ્રશ્ન ઉપસિથત કરેલ છે. જે અંગે તકરાર નિવારણના સક્ષમ સત્તાને રજૂઆત કરવાની રહે. તેવી રજૂઆત તેમજ નિર્મલાબેન રૂા.૨૫ ના ફોર્મ સાથે તા.૧૮–૭–૦૮ થી નામ ફેર ભર્યુ તો નામ કેમ ચઢયુ નથી તેવી રજૂઆત કરેલ છે. નિર્મલાબેનનું નામ ચઢાવવા બાબતે અરજદારે મુળ અરજીથી અલાયદી અપીલ તબકકે પૂરક માંગણી કરેલ છે. મુદ્દા નં.૫ સને ૨૦૦૪ થી ૨૦૧૧ સુધીમાં તમામ વેરા ભરાયા તે તમામ વેરા ભર્યાની રસીદોની સહી સિકકાવાળી નકલ અને તે કોણે કોણે ભર્યા? તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ છે કે મુદ્દા નં.૨ માં પાર્ટી સ્ટેટસમાં વિગતો આવી જાય છે. મુદ્દા નં.(૬) તા.૨૮–૬–૦૮ ની નિર્મલાબેન વી. જરીવાલાની નોટીસ સી.જે.ગામીત સાહેબના નામની એન.ઝેડ/એઆરડી/૧૦ સુરત મહાનગરસેવા સદન તા.૩૦–૬–૦૮ માં નોટીસમાં જણાવેલ વિગતો (બાબતનો) પર શું શું કાર્યવાહી કરી શું શું પગલા લીધા? કયા કયા ખાતાએ? તમામની માહિતી તથા નિર્મલાબેન વી. જરીવાલાએ નામ ચઢાવવાનું રૂા.૨૫/– ફોર્મ નં.૧૫૫૯૬ તા.૨૮–૬–૦૮ ના સાથે દિપક પી. શુકલને એન.ઝેડ/એઆરડી/૨૯૭ તા.૨૯–૭–૦૮ ટેના નં.૧૯જે–૫૩–૦૯૭૧–૦–૦૦૧ નામફેર કરવાની ટપાલ મળી તેમાં તા.૧૨–૮–૦૮ તમામ પુરાવા સાથે તમામ વેરાબીલ રૂા.૨૭૯૧/– ચેકથી એ/બી થી એન.ઝેડ/એઆરડી/આ.નં.૧૮, તા.૧૨–૮–૦૮ તમામ પુરાવા સાથે રજૂ કર્યુ છતાં આજ દિન સુધી અમારું નામ કેમ આકારણી વેરાબીલમાં ચઢાવવામાં આવ્યું નથી? કયા કારણસર? કયા વાધાંઓ છે તે તમામની સંપૂર્ણ સ્પષ્ટતા પુરાવા સાથેની સહી સિકકાવાળી નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કતારગામઝોનના વિભાગને લાગતા મુદ્દા નં.૧ બાબતે કોઈ અન્ય નામ દાખલ કરેલ નથી પત્ર નં.એન.ઝેડ/ એઆરડી/ ૩૪૭ તા.૧૮–૭–૦૮ , પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૩૧૨ તા.૧–૯–૧૦ અને પત્ર નં.એન.ઝેડ/ એઆરડી/૩૬૧ તા.૧૭–૯–૧૦ ની નકલ મેળવવા દીઠ રૂા.૨/– કુલ –૦૫ નકલના રૂા.૧૦/– જમા કરાવ્યેથી મળી શકે તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ કોઈ પણ એસએમસીના દરેક ઝોનમાં નવું નામ ચઢાવવા માટે રૂા.૨૫/– ફોર્મ સાથે શું શું પુરાવાઓ માંગવામાં આવે છે તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પત્રની નકલ મેળવવા નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ–૦૧ નકલના રૂા.૦૨/– જમા કરાવ્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૮ કોઈ પણ એસએમસીમાં દરેક ઝોનમાં નવું નામ એસએમસી ચઢાવે ત્યારે સુરત મહાનગપાલિકા આકારણી તથા એસેસમેન્ટવાળા કેટલા રૂપિયા ફી લઈ નામ ચઢાવે છે જે અંગે ઓરીજીનલ તમામ પુરાવાઓ મંગાવો છે કે નહીં માત્ર ઝેરોક્ષ કોપી ચલાવાય છે તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી રૂા.૨૫/– ની કિંમતનું નિયત નમુનાના અરજી ફોર્મ સાથે નામફેર અંગેના પુરાવા રજૂ કરવાના રહે છે.તેવું જણાવેલ. જે અંગે અરજદારે અપીલના મુદ્દા નં.૩ માં પ્રશ્ન નં.૮ માં જે અંગે અરજદારે નામ ફેર બાબતે જાહેર માહિતી અધિકારીએ રૂા.૨૫ નું નિયત ફોર્મ પુરાવા સાથે રજૂ કરવાના આપેલ માહિતી અંગે ખોટું હોવાનું જણાવી એસએમસીના નોર્થઝોનમાં આ જ પ્રકરણમાં નામ દાખલ અંગે રસીદ બનાવેલ છે તેવી રજૂઆત કરેલ છે. પરંતુ તે અંગેનો કોઈ પુરાવા રજૂ કરેલ નથી. આથી તેમના પ્રશ્નને સમર્થન મળતું નથી. મુદ્દા નં.૯ એસએમસી ના દરેક ઝોનમાં નવું નામ ચઢાવવા માટે

જુના સભાસદ સોસા.ના હોય તેનું શેર સર્ટી પ્રમાણપત્ર તથા ભલતાં વ્યકિતનું શેર સર્ટી. પાછળ નામ ચઢાવી આપે તો પુરાવા માન્ય ગણાય? તેની માહિતી કે તેમનું નામ ટ્રાન્સફર સોસા.માં થાય તો તેમના નામનું શેર સર્ટી. પ્રમાણપત્ર દાખલ ફી મેન્ટેનન્સ ચાર્જ તમામ હોય તો જ એસએમસી માં દરેક ઝોનમાં નવું નામ દાખલ થાય તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૭ અને ૮ મુજબ તેવું જણાવેલ છે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદાર અપીલના મુદ્દા નં.૪ અને પ્રશ્ન નં.૯ માં સભાસદના શેર પ્રમાણપત્ર પાછળ ભલતા વ્યકિતનું નામ ચઢાવી નામ દાખલ કરે તો તે માન્ય ગણાય. જે અંગે મુદ્દા નં. ૭ ૮ માં જણાવ્યા મુજબ માહિતી પત્રકના પુરાવાઓ રજૂ કરવાના રહે છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૧૦ એસએમસી દરેક ઝોનમાં નવું નામ દાખલ થાય ત્યાર બાદ એસએમસીના આકારણી તથા એસેસમેન્ટ ખાતે તેમને દાખલ ફી લઈ તે જ નામ ચઢાવે? તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૭–૮ મુજબ. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૧૧) તા.૧૦–૬–૧૧ ના રોજ એસએમસી કમિ.શ્રી કુ. અર્પણાબેન નામે ન્યાય મેળવવા એક અરજી કરેલ તે આપશ્રીને તા.૧૫–૬–૧૧ ના રોજ ડી/૨૦૬૯ /ઝેડ.ઓ/એન.ઝેડ/ ૧૭૨૭ થી મળેલ હશે તેમાં આપશ્રીએ શું શું કાર્યવાહી કરી? શું શું પગલા લીધા? આપ સાહેબ રૂબરૂ મળેલ તથા ઉત્તમરામને પત્ર લખી તમામ ઓરીજીનલ પેપર્સ તા.૬–૮–૦૯ ના નિવેદન સાથે રજૂ કરેલ તમામ પુરાવા (ઓરીજનલ) મંગાવવા પત્ર લખ્યો કે નહીં તેની માહિતી તથા તા.૬–૯–૦૮ નિવેદન વાંચશો તો તેમાં તે કબુલ કરે છે કે વેચાણથી લેનાર પાસે તમામ ઓરજીનીલ કાગળો વેચાણ લેનાર પાસે હોય છે હાલમાં ઝેરોક્ષ કોપી રજૂ કરું છું તથા તેમણે ઉત્તમરામે નિર્મલાબેન વી. જરીવાલાની તમામ ઠેકાણે બોગસ સહીઓ કરેલ તે સહીના નમુનો હમોએ આપને આપેલ બંચ સાથે મેળવશો. સત્ય માલુમ પડશે માટે તાકીદે આપ સાહેબ તેમને અને મને રૂબરૂ બોલાવી ખોટાને ખોટા પાડશો. જજમેન્ટ પણ હમોને આપેલ છે તથા માહિતી મેળવવા. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી આ અંગેની કાર્યવાહી ચાલે છે આરટીઆઈ કાયદા અંતર્ગત આવતી બાબત નથી. શ્રી સી.વી.રાણા અપીલ અરજી નં.એસએમસી/એફએપી/૧૪૮, તા.૨૬–૭–૧૦ ના હુકમની નકલ નંગ–૨ ના નકલ દીઠ રૂા.૨/– લેખે નકલના રૂા.૦૪/– તથા પત્ર નં.એન.ઝેડ/એઆરડી/૩૧૯ તા.૩–૯–૧૦ શ્રી નિર્મલાબેન વી. જરીવાલને પાઠવેલ પત્રની નકલ દીઠ રૂા.૨/– લેખે કુલ–૦૧ નકલના રૂા.૦૨/– જમા કરાવ્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. જયારે નોર્થઝોન(કતારગામ) ની મુદ્દા નં.૨,૩,૪,૬૭ તથા ૧૧ અંગે માંગેલી જરૂરી માહિતી અને દસ્તાવેજો માટે નીચે જણાવેલી વિગતો અનુસાર રૂા.૨૨૫/– (રૂપિયા બસો પચ્ચીસ પુરા) જમા કરાવવાનું આપને ફરમાવવામાં આવે છે. જે અંગે અરજદારે રસીદ નં. ૩૧૭૯૩૨ તા.૨૫–૮–૧૧ થી નાણા ભરેલ છે. જે અંગે અરજદારે સદરહુ માહિતી મળ્યાની તા.૨૫–૮–૧૧ ના રોજ જાહેર માહિતી અધિકારીએ આપેલ માહિતી પત્ર ઉપર સહી પણ કરેલ છે. અરજદારે અપીલના મુદ્દા નં.૬ માં પ્રશ્ન નં.૧૧ માં કાર્યવાહી ચાલે છે તેમ છતાં તે કાયદા અંતર્ગત આવતી નથી તેવું જણાવેલ છે. તેવી રજૂઆત કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારીએ આપેલ જવાબ કાયદા સાથે સુસંગત છે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા. ૨૬–૭–૧૧ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી અપીલના મુદ્દા નં.૧ અને મુળ અરજીના પ્રશ્ન નં.૪ માં હસ્તક નામ લખવા બાબતે રેકર્ડ રાખવામાં આવતો ન હોવાની વાત ખોટી છે તેવી અરજદારની અપીલની રજૂઆત સંદર્ભે જો નિયમ હેઠળ કે પ્રણાલિકા અન્વયે તેમ થતું હોય તો અને દફતરે તેવી વિગત ઉપલબ્ધ હોય તો લાગત ટેનામેન્ટ નંબરના નાણા ભરેલ સ્ક્રોલ અંગે આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં ફી ભરવાની રીતે દિન–૭ માં ઈન્સ્પેકશન પુરું પાડવા એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કતારગામઝોનને જણાવવામાં આવે છે. અરજદારના અપીલના મુદ્દા નં.૨ અને પ્રશ્ન નં.૪ અંગે બે પુરાવાના આધારે નામ ચઢાવ્યું તેવા તકરાર નિવારણને લગતા પ્રશ્ન અંગે સક્ષમ સત્તાને અલાયદી રજૂઆત કરવાની રહે. તેમજ નિર્મલાબેનના ભરેલા ફોર્મ દાખલ કરવા અંગેનો પ્રશ્ન તેમજ અપીલના મુદ્દા નં.૫ ના પ્રશ્ન નં.૧ માં બાંધકામની પરવાનગી કયા આધારે આપી તેવા અપીલમાં મુળ અરજીથી અલાયદા અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પ્રશ્ન અંગે આરટીઆઈના કાયદા અને નિયમ અનુસાર જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (કતારગામઝોન) ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી વી.ડી.રાણા